મોડાસાના મુલોજ અને માલપુરના માલજીના પહાડીયા નજીક પદયાત્રીઓને બાઈકે અડફેટે લેતા : ૨ પદયાત્રી ઈજાગ્રસ્ત

(તસ્વીરઃ- દિલીપ પુરોહિત, બાયડ)

(પ્રતિનિધિ) બાયડ, અરવલ્લી જીલ્લાના મુખ્યમાર્ગો અને અંતરિયાળ માર્ગો અંબાજી પગપાળા જતા સંઘો થી ઉભરાઈ રહ્યા છે ભાદરવી પૂનમ નજીક છે પદયાત્રીઓના સંઘ બોલ મારી અંબે જય જય અંબે ના નાદ સાથે મોટી સંખ્યામાં અંબાજી તરફ પ્રયાણ કરી રહ્યા છે રાત્રીના સમયગાળા દરમિયાન પદયાત્રીઓ પસાર થતા પદયાત્રીઓ અનેકવાર રોડ પરથી પસાર થતા નાના-મોટા વાહનચાલકોની અડફેટે આવી અકસ્માતનો ભોગ બને છે હાલોલ-શામળાજી માર્ગ પર વાંટા-વાછોડા માર્ગ પર કારની ટક્કરે ત્રણ પદયાત્રીઓના મોતની ઘટનાની શાહી સુકાઈ નથી ત્યાં મોડાસા ના મુલોજ અને માલપુર ના માલજીના પહાડીયા નજીક બે અલગ-અલગ બાઈક સવારોએ પદયાત્રીઓને અડફેટે લેતા ઈજાગ્રસ્ત થતા પદયાત્રીઓમાં ચિંતા પ્રસરી હતી અરવલ્લી જીલ્લાના તમામ મુખ્ય અને અંતરિયાળ માર્ગો પર દક્ષિણ ગુજરાત અને મધ્ય ગુજરાતમાં થી ભાદરવી પૂનમે શિશ ઝુકાવવા અંબાજી જતા પદયાત્રીઓથી ઉભરાઈ ઉઠ્યા છે મોડાસાના મુલોજ નજીક અજાણ્યા બાઈક ચાલકે ટક્કર મારતા અને માલપુર-મોડાસા હાઈવે પર માલજીના પહાડીયા નજીક બાઈકે અડફેટે લેતા પદયાત્રીઓમાં નાસભાગ મચી હતી બંને ઈજાગ્રસ્તોને ૧૦૮ ઈમરજન્સી એમ્બ્યુલન્સ મારફતે મોડાસા સાર્વજનિક હોસ્પિટલમાં ખસેડાયા હતા ફરજ પરના તબીબોએ સઘન સારવાર આપી હતી સાર્વજનિક હોસ્પિટલમાં પદયાત્રીઓ મોટી સંખ્યામાં ઉમટ્યા હતા માઈ ભક્તોમાં બેફામ વાહન હંકારતા વાહનચાલકો સામે પોલીસતંત્ર શખ્ત કાર્યવાહી કરે અને પદયાત્રીઓને સુરક્ષા પુરી પાડવામાં આવેની માંગ પ્રબળ બની છે.★

અરવલ્લી જિલ્લા સ્વદેશી જાગરણ મંચ દ્વારા ત્રિવિધ કાર્યક્રમ યોજાયો

(તસ્વીરઃ- દિલીપ પુરોહિત, બાયડ)

(પ્રતિનિધિ) બાયડ, ભારત સરકાર દ્વારા ૩૭૦ ની કલમ દૂર કરતાં સ્વદેશી જાગરણ મંચે કેન્દ્ર સરકારને કાશ્મીર ના મામલે પાકિસ્તાનને ચીની સરકાર દ્વારા મદદ કરતાં તેનો વિરોધ કરતું આવેદનપત્ર અને ચીનના કોઈપણ ઉદ્યોગો કાશ્મીરમાં સ્થાપના ના કરવા સરકારને આવેદનપત્ર અપાયું સાથે સાથે સ્વદેશી જાગરણ મંચના અધિકારીઓએ વૃક્ષારોપણ અને શિક્ષક દિન હોવાથી સરસ્વતી સ્કૂલ વી.એસ.શાહ પ્રાથમિક શાળામાં શિક્ષક દિન ઉજવણી કરી જેમાં ઉપરાંત સંયોજક નિરવદન ભાઈ ભટ્ટ અને ચૈતન્ય ભાઈ ભટ્ટ દ્વારા સ્વદેશી અને વિદેશી વસ્તુ એમાં કઈ વસ્તુ વાપરવી તેના વિશેની સમજ બાળકોને આપવામાં આવી આગામી આવી રહેલા તહેવારોના અનુસંધાનમાં પોતાના દેશમાં બનાવેલી વસ્તુઓ જ વાપરવી તેવું બાળકોને આહવાન કરવામાં આવ્યું આવેદનપત્ર ..શિક્ષણ દિન અને વૃક્ષો રોપણ કાર્યક્રમમાં અરવલ્લી જિલ્લાના સંયોજક નિલેશ જોશી તાલુકા સંયોજક વિનોદભાઈ પટેલ શહેર સંયોજક નવનીતભાઈ પરીખ અને સભ્યો હાજર રહ્યા શિક્ષક દિન નિમિત્તે શિક્ષક બનેલા બાળકોને ઈનામો આપીને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.★

નડિયાદમાં જિલ્લા વિકાસ સંકલન અને દેખરેખ સમિતિ (દિશા) ની બેઠક મળી

નડિયાદ, સાંસદશ્રી દેવુંસિંહ ચૌહાણે કેન્દ્ર અને રાજય સરકારની પ્રજાકલ્યાણ અને વિકાસલક્ષી યોજનાઓના કામો સમયમર્યાદામાં પૂર્ણ કરી યોજનાઓના લાભો સમાજના છેવાડાના માનવી સુધી પહોંચે તે માટે માનવીય સંવેદનાઓ સાથે કામગીરી કરવા અમલીકરણ અધિકારીઓને અનુરોધ કર્યો છે.કેન્દ્ર રાજ્ય સરકારની ગરીબ કલ્યાણલક્ષી યોજનાઓના લાભથી એકપણ લાભાર્થી વંચિત ન રહે તે માટેનું સુચારૂં આયોજન કરવા તેમણે જણાવ્યું હતું. સાંસદશ્રી દેવુસિંહ ચૌહાણના અધ્યક્ષસ્થાને આજે નડિયાદ ખાતે જિલ્લા વિકાસ સંકલન અને દેખરેખ સમિતિ (દિશા) ની બેઠક મળી હતી. આ બેઠકમાં સાંસદશ્રીએ કેન્દ્ર પુરસ્કૃત અને જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી નડિયાદ દ્વારા અમલી પ્રધાનમંત્રી આવાસ યોજના, સ્વચ્છ ભારત મિશન, મનરેગા, મિશન મંગલમ, પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજના, પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના, પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના સહિત રાજય સરકાર દ્વારા અમલી વિવિધ પ્રજાકલ્યાણલક્ષી યોજનાઓની જૂન-૨૦૧૯ સુધીમાં થયેલ કામગીરીની સમીક્ષા કરી ખેડા જિલ્લામાં થયેલ કામગીરીથી સંતોષ વ્યકત કરી ટીમ ખેડાને અભિનંદન પાઠવ્યા હતા. સાંસદશ્રીએ જણાવ્યું કે ખેડા જિલ્લામાં પ્રધાનમંત્રી આવાસ યોજના (ગ્રામ્ય)હેઠળ ૫૫૧૬ આવાસો, સ્વચ્છ ભારત મિશન હેઠળ ૧૩૬૯૪૯ શૌચાલયના કામો પૂર્ણ કરવામાં આવ્યા છે. જિલ્લામાં વર્ષ ૨૦૧૮-૧૯ માં વધુ ૮૪૦૦ શૌચાલયોની ફાળવણી ઉપરાંત જિલ્લામાં ૧૮૬ સામુહિક શૌચાલયોની ફાળવણી કરવામાં આવી છે. ખેડા જિલ્લામાં મનરેગા યોજના હેઠળ ૧.૧૭ લાખ માનવદિન રોજગારી ઉત્પન્ન કરી રૂા.૪૮૪.૨૬ લાખની ચૂકવણી કરવામાં આવી છે. સુજલામ સુફલામ જળ અભિયાન હેઠળ મનરેગા અંતર્ગત વર્ષ ૨૦૧૮-૧૯ માં જળ સંચય, જળ સંગ્રહના ૨૦૬ કામો હાથ ધરી ૫૫૧૮૮ માનવદિન રોજગારી ઉત્પન્ન કરવામાં આવી હતી. ૨૦૧૯-૨૦ માં જળ સંચયના ૧૨૧ કામો હાથ ધરી ૩૪૭૪૮ માનવદિન રોજગારી ઉત્પન્ન કરવામાં આવી છે. જિલ્લામાં પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજના હેઠળ ત્રણ તબકકામાં ૧૦૨૦૧૩ લાભાર્થીઓને તથા એલપીજી, પીએનજી સહાય યોજના હેઠળ ૧૨૨૦ લાભાર્થીઓને ગેસ જોડાણ પુરા પાડવામાં આવ્યા છે. જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામકશ્રી કે.ડી.લાખાણીએ કેન્દ્ર અને રાજય સરકારની વિવિધ ફલેગશીપ યોજનાઓ હેઠળ થયેલ કામગીરીની વિગતો આપી હતી. આ બેઠકમાં સમિતિના સહ અધ્યક્ષ અને પંચમહાલના સાંસદશ્રી રતનસિંહ રાઠોડ, ધારાસભ્યોશ્રી સર્વશ્રી કેસરીસિંહ સોલંકી, અર્જુનસિંહ ચૌહાણ, ઈન્દ્રજિતસિંહ ઠાકોર, કાળુભાઈ ડાભી, કાંતિભાઈ પરમાર, તાલુકા પંચાયત પ્રમુખો, ન.પા.ના પ્રમુખો, કલેકટરશ્રી સુધીર પટેલ, જિલ્લા વિકાસ અધિકારી ગાર્ગી જૈન, નિવાસી અધિક કલેકટરશ્રી રમેશ મેરજા સહિત અમલીકરણ અધિકારીઓ હાજર રહયા હતા.

વાગરાના વહીયાલના સરપંચે ફરજ દરમ્યાન કરેલ ગેરવર્તણુક મુદ્દે સત્તા પરથી દુર કરવા કરાઈ માંગ

(તસ્વીરઃ- વિરલ રાણા, ભરૂચ)

(પ્રતિનિધી) ભરૂચ, વાગરાના વહિયાલગામના સરપંચ સામે તેમની ગેરવર્તણુક અને સત્તાનો દુર ઉપયોગ કરાતા તેમના કાયદા વિરૂધના કૃત્યો સામે રાઠોડ સમાજ દ્વારા એટ્રોસીટીની ફરીયાદ નોંધાવા પામી હોય સરપંચને ફરજ દરમ્યાન કરેલ ગેરવર્તણુકને કારણે સત્તા પરથી દુર કરી સસ્પેન્ડ કરવાની માંગ સાથે ભરૂચ જીલ્લા વિકાસ અધિકારીને તથા વાગરા તાલુકા વિકાસ અધિકારીને વહીયાલના ઉપસરપંચ તેમજ સભ્યો અને ગ્રામજનો દ્વારા રજૂઆત કરાઈ હતી.

ઉપસરપંચ તથા ગ્રામજનોએ કરેલ રજૂઆતમાં તેમના ગામના સરપંચ દ્વારા સતત ગેરરીતીઓ આચરવામાં આવી છે. તેમજ તેમણે ત્રાહીત પક્ષકાર સાથે ભેગામળી પંચાયતના સભ્યોની બોડીને નજર અંદાજ કરી ગેરકાયદેસરના કૃત્યો કરેલા છે.જે પંચાયત બોડીને મંજુર નથી અને તેઓએ તેમની સામે ગેરવર્તણુકની દરખાસ્ત કરી હતી.સરપંચ દ્વારા ગેરકાયદેસર રીતે માનવતાહીન કૃત્ય કરી સમાજ અને ગામની લાગણી દુભાઈ એવું કૃત્ય કરેલ છે.જે ગેરકાયદેસર કૃત્ય છે તેમજ તેમાં પંચાયતની બોડી કે પંચાયતના કોઈ સભ્યને જાણ કે ઠરાવ કરવામાં આવ્યો નથી. તેમના દ્વારા સરમુખત્યારશાહી ચલાવી જે તે નિર્ણયો લેવામાં આવતા હોવાના આક્ષેપો સાથે ગામના તેમજ પંચાયતના સભ્યો નારાજ હોઈ ગામના સભ્યો દ્વારા ગેરવર્તણુક પ્રસ્તાવ રજૂ કરી તેમને પદ ઉપરથી હટાવવાની માંગ કરવામાં આવી હતી.★

મોડાસા રૂરલ પોલીસે વિસ્ટા કારમાંથી ૬૯ હજાર, સેવરોલેટ કારમાંથી ૭૮ હજાર અને શામળાજી પોલીસે ટ્રક માંથી ૨.૧૬ લાખનો દારૂ જપ્ત કર્યો

(પ્રતિનિધિ) બાયડ, અરવલ્લી જીલ્લા પોલીસતંત્રએ બુટલેગરો પર તવાઈ બોલાવતા ત્રણ જુદા જુદા વાહનો માંથી મોટી માત્રામાં વિદેશી દારૂ રાજ્યમાં ઘુસાડાતો અટકાવતા બુટલેગરોમાં ફફડાટ ફેલાયો હતો મોડાસા રૂરલ પોલીસે દધાલિયા પંથકના અંતરિયાળ વિસ્તારમાંથી વિસ્ટા કારમાં સંતાડીને લવાતા ૬૯ હજારના વિદેશી દારૂ સાથે બે બુટલેગરો અને રાજેન્દ્રનગર ચોકડી નજીક સેવરોલટ કારમાંથી ૭૮ હજારનો વિદેશી દારૂના જથ્થા સાથે બે બુટલેગરોને દબોચી લીધા હતા શામળાજી પોલીસે રતનપુર ચેકપોસ્ટ નજીકથી ટ્રક-કન્ટેનરમાંથી બુટ-ચપ્પલ અને કૂકરના બોક્સની આડમાં સંતાડીને લવાતો ૨.૧૬ લાખનો વિદેશી દારૂ સાથે બે બુટલેગરોને ઝડપી પાડી જેલના સળિયા પાછળ ધકેલી દીધા હતા મોડાસા રૂરલ પી.એસ.આઈ કે.એસ.સિસોદિયાએ દધાલિયા પંથકના ગ્રામ્ય વિસ્તારમાં ચેકીંગ હાથધરી મુલોજ ગામની સીમમાંથી પસાર થતી ઈન્ડિકા વિસ્ટા કારમાંથી વિદેશી દારૂ-બિયર ટીન નંગ-૨૧૬ કીં.રૂ.૬૯૬૦૦/- નો જથ્થો જપ્ત કરી ૧) કચરાભાઈ જવાનભાઈ ખાંટ (રહે.માલજીના મુવાડા, શીણાવાડ) તથા ૨)પ્રકાશભાઈ શંકરભાઈ પટેલ (રહે, ઘાટલોડિયા,અમદાવાદ) ની ધરપકડ કરી તથા કાર અને મોબાઈલ મળી કુલ રૂ.૨૭૩૧૦૦/- નો મુદ્દામાલ જપ્ત કરી વિદેશી દારૂ ભરી આપનાર મણિલાલ ખેમાભાઈ આંબલીયા (રહે,રાજ) વિરુદ્ધ પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી તથા રાજેન્દ્રનગર ચોકડી નજીકથી શામળાજી તરફથી આવતી સેવરોલેટ કારની અંદર છુપાવેલ વિદેશી દારૂની બોટલ નંગ-૧૬૯ કીં.મ.૭૮૪૦૦/- નો જથ્થો જપ્ત કરી સંજય હમીરલાલ શર્મા અને કમલેશ ગણેશભાઈ લુહાર નામના રાજસ્થાની બે શખ્શોને ઝડપી પાડી કુલ રૂ.૨૭૮૪૦૦/- નો મુદ્દામાલ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી. શામળાજી પોલીસે રતનપુર ચેકપોસ્ટ નજીકથી ટ્રક-કન્ટેનરમાં બુટ-ચપ્પલ,કુકર અને મેટીની પાછળ સંતાડીને લવાતો વિદેશી દારૂ કી.રૂ.૨૧૬૦૦૦/- તથા કુલ.રૂ.૧૬૧૬૫૦૦/- નો મુદ્દામાલ જપ્ત કરી ડિઝલસીંગ રોમાલસિંગ રાજપૂત અને સુનિલ પવનકુમાર પુનિયા (બંને,રહે.જમ્મુ-કાશ્મીર) ની ધરપકડ કરી કાકુ નામના બુટલેગર વિરુદ્ધ દ્રટપ્રોહિબિશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી.

પંચમહાલ જિલ્લામાં ગોધરા ખાતે ઈન્ડેક્ષ્ટ-સી દ્વારા આયોજિત નવરાત્રિ હસ્તકલા મેળાનું કલેક્ટર અમિત અરોરા દ્વારા ઉદઘાટન

ગોધરા, પંચમહાલ જિલ્લા કલેક્ટર શ્રી અમિત અરોરાએ ઈન્ડસ્ટ્રીયલ એક્ષ્ટેન્શન કોટેજ એટલે કે ઈન્ડેક્ષ્ટ-સી દ્વારા ગોધરા ખાતે આયોજિત નવરાત્રિ હસ્તકલા મેળો ખુલ્લો મૂક્યો હતો. આ મેળો ગોધરાના એસ.ટી. બસ સ્ટેન્ડ પાસે લાલ બાગ ટેકરી મેદાન ખાતે તા.૧૧/૦૯/૨૦૧૯ સુધી ચાલુ રહેશે. મેળાની મુલાકાત લેતા કલેકટરશ્રીએ જણાવ્યું હતું કે મેળામાં સામેલ કારીગરોનું સર્જન ઉચ્ચ કક્ષાનું છે અને ઈન્ડેક્ષ્ટ-સીએ અંતરિયાળ વિસ્તારના કારીગરો માટે એક્સપોઝરની એક સુંદર તક પૂરી પાડી છે. તેમણે લોકોને આ મેળાની મુલાકાત લઈ, કારીગરો પાસેથી સીધી ખરીદી કરી તેમને પ્રોત્સાહન આપવાનો અનુરોધ કર્યો હતો. મેળામાં કચ્છ, સુરત, અમદાવાદ, વડોદરા, આણંદ, રાજકોટ અને પંચમહાલ સહિતના વિવિધ જિલ્લાઓના અંતરિયાળ વિસ્તારના હાથશાળ, હસ્તકલા, માટીકામ, ચર્મોદ્યોગ અને કુટિર ઉદ્યોગના ૬૦ થી વધુ કારીગરો દ્વારા પોતાની કૃતિઓનું પ્રદર્શન તેમજ વેચાણ કરવામાં આવશે. કારીગરો દ્વારા નિર્મિત હાથશાળ-હસ્તકલાની વિવિધ ચીજવસ્તુઓ, ભરત કામ, વાંસના રમકડા, પેચવર્ક, ઈમીટેશન જ્વેલરી, લેધર વર્ક, અકીકની આઈટમો, વૂડન વોલપીસ, ગૃહ ઉદ્યોગ, ચણિયા ચોળી, ફલાવર પોટ-માટીના ઘરેણા સહિતની માટીની બનાવટો પ્રદર્શન અને વેચાણ અર્થે મૂકાઈ છે. આ પ્રસંગે પ્રોબેશનરી આઈ.એ.એસ. અધિકારી અંકિત પન્નુ, જિલ્લા ઉદ્યોગ કેન્દ્રના જનરલ મેનેજરશ્રી જે.પી.દવે સહિતના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

પ્રધાનમંત્રી સુરક્ષિત માતૃત્વ અભિયાન અંતર્ગત અને એન વી બી ડી સી પી કાર્યક્રમ અંતર્ગત માનનીય મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો મનીષ ફેન્સી ના માર્ગદર્શન હેઠળ તારીખ ૫/૦૯/૧૯ ના રોજ માનનીય અશ્વિનભાઈ કોટવાલ ધારાસભ્ય શ્રી ખેડબ્રહ્માના અધ્યક્ષસ્થાને પ્રા.આ.કેન્દ્ર મીઠીબીલી ખાતે સગર્ભા બહેનોને દવાયુક્ત મચ્છરદાની અને સુખડી વિતરણ તેમજ મેડિકલ ચેકઅપ કાર્યક્રમ તથા કાંગારુ મધર કેર યુનિટ નું ઉદ્ઘાટન ના કાર્યક્રમ યોજવામાં આવ્યા. (તસ્વીરઃ- હસમુખ પંચાલ, ખેડબ્રહ્મા)

પાટણ જિલ્લામાં આગામી ૧૪ સપ્ટેમ્બરના રોજ લોક અદાલતો યોજાશે

માહિતી બ્યુરો, પાટણ ગુજરાત રાજ્ય કાનૂની સેવા સત્તા મંડળ, ગુજરાત હાઈકોર્ટના આદેશ અનુસાર પાટણ જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ અને પાટણ જિલ્લા અદાલત તેમજ સંલગ્ન તાલુકા કાનૂની સેવા સમિતિ ખાતે આગામી ૧૪ સપ્ટેમ્બરના રોજ નૅશનલ લોક અદાલતનું આયોજન કરવામાં આવ્યું છે. આ નૅશનલ લોક અદાલતમાં ક્રિમીનલ કમ્પાઉન્ડેબલ ઑફેન્સ, નેગોશીએબલ ઈન્ટુમેન્ટ એક્ટ ૧૩૮ હેઠળના કેસ, બેન્ક રિકવરીના કેસ, એમ.એ.સી.ટી કેસ, મેટ્રીમોનીઅલ કેસ, લેબર ડિસ્પ્યુટ કેસ, ચોરી સિવાયના ઈલેક્ટ્રીક અને વૉટર બીલ કેસ, પગાર, ભથ્થા અને નિવૃત્તિના લાભો જેવા સર્વિસ મેટરના કેસ, રેવન્યુ કેસ, રેન્ટ, ઈઝમેન્ટરી રાઈટ્સ, ઈન્જક્શન શુટ, સ્પેસીફીક પરફોર્મન્સ શુટ વગેરે જેવા અન્ય સીવીલ કેસ, એમ.એ.સી.પી. એક્ઝીક્યુશન પીટીશન, સીવીલ અને એક્ઝીક્યુશન પીટીશન જેવા કેસ મુકવામાં આવશે. લોક અદાલત એટલે કે, સમાધાનની પ્રક્રિયાથી વિવાદોનું સરળ રીતે કાયમી નિવારણ. ૧૪ સપ્ટેમ્બરના રોજ યોજાનાર નૅશનલ લોક અદાલતનો વધુમાં વધુ લોકો લાભ લે તે હેતુથી આયોજન કરવામાં આવ્યું છે. રાજ્ય કાનૂની સેવા સત્તા મંડળના માર્ગદર્શન હેઠળ પાટણ જિલ્લાના સરસ્વતી, સિદ્ધપુર, ચાણસ્મા, હારીજ, સમી, શંખેશ્વર, રાધનપુર, વારાહી, તાલુકા મથકોએ તથા પાટણ જિલ્લા અદાલત તેમજ પાટણ તાલુકા કાનૂની સેવા સમિતિ ખાતે લોક અદાલત યોજાશે.

ડોડીયા ગામના શિક્ષક મીનેશભાઈ વાળંદનું મુખ્યમંત્રી દ્વારા શ્રેષ્ઠ આચાર્ય તરીકેનુ સન્માન

(તસ્વીર : આશિષ વાળંદ - મેઘરજ)

(પ્રતિનિધિ) મેઘરજ, અવલ્લી જીલ્લાના માલપુર તાલુકાના ડોડીયા ગામના વતની અને અમદાવાદ જિલ્લાના ધોલેરા તાલુકાની વાલિંડા પ્રાથમિક ફરજ બજાવતા ઈનોવેટિવ આચાર્ય મીનેશકુમાર વાળંદ ની વિવિધ ઈનોવેટિવ પ્રવૃતિઓની નોંધ શિક્ષણ વિભાગે લીધી અને ૫ મી સપ્ટેમ્બર શિક્ષક દિનના પવિત્ર દિવસે મીનેશકુમાર વાળંદ ને મુખ્યમંત્રી આદરણીય વિજયભાઈ રૂપાણીના વરદ હસ્તે સન્માન પ્રાપ્ત થતા શાળા પરિવાર,વાલિન્ડાના ગ્રામજનો, અને સમગ્ર ધોલેરા તાલુકા અને ડોડીયા ગામના ગ્રામજનોમાં આનંદની લાગણી ફેલાઈ છે. મીનેશભાઈએ શાળામાં વિદ્યાર્થીઓની શૈક્ષણિક ગુણવત્તા બળવતર થાય એના માટે ઘણી ઘણી નવી ઈનોવેટિવ પ્રવૃતિઓ કરી શાળામાં ઘણા ઈનોવેશન કર્યા.મીનેશભાઈ શૈક્ષણિક ઈનોવેશન માટે તો જાણીતા છે જ પરંતુ સાથોસાથ એક સારા લેખક, કવિ અને કોલમિસ્ટ પણ છે.સમાજ અને શાળાને જોડીને એક હકારાત્મક અભિગમ થકી શ્રેષ્ટ વિદ્યાર્થીઓની મીનેશભાઈ ની કલ્પના આ ઈનોવેશનમાં મૂળમાં છે.સમગ્ર રાજયમાંથી ચાર આચાર્ય ને મુખ્યમંત્રીએ સન્માન કર્યુ એમા ભાલ પ્રદેશમાંથી મીનેશભાઈ વાળંદની પસંદગી થઈ એ ખૂબ જ ખુશી ની વાત છે ત્યારે મીનેશભાઈ ની આ સિદ્ધિ ને સમગ્ર પંથક ના લોકોએ વધાવી અભિનંદન પાઠવ્યા હતા.★

વેસ્ટર્ન ટાઇમ્સ

વેસ્ટર્ન ટાઇમ્સમાં પ્રકાશિત જાહેરાતો અંગે વાંચકોએ પોતાની રીતે ચકાસણી કરી નિર્ણય લેવો.

-જાહેરખબર મેનેજર

નામ બદલેલ છે

મેં મારૂ જુનું નામ **મહેશ્વરી પ્રનીતા ગગર** હતું તે બદલીને **પ્રનીતા ગગર** રાખેલ છે.
સરનામું : એચ-૧૦૦૧, ઈસ્કોન પ્લેટીનમ, બોપલ ચાર રસ્તા, બોપલ, અમદાવાદ-૩૮૦૦૫૮
1823

SALE ON AS IS WHERE IS BASIS FOR DAMAGED ITEMS

Sealed tender are invited from prospective buyers for disposal of the items on as is where is basis for the damaged materials lying at Insured's factory

NAME OF THE INSURED
BIG BOX CONTAINERS PVT LTD

LOCATION
Survey No. 881/1, Nr. Gallops SEZ, Village: Rajoda, Sarkhej – Bavla Road, Bavla, Ahmedabad – 382220

For tender documents and terms & conditions, same can be obtained at site or from the above office per person on payment of ₹ 500/- in cash.
Inspection at site strictly from 11.00 AM to 3.00 PM
07-09-2019 to 13-09-2019
Contact No: 9099-8888-44

આર્નવ ફેશન્સ લિમિટેડ
(અગાઉ કાયલ સિક્યોરિટિઝ લિમિટેડ તરીકે જાણીતી)
રજીસ્ટર્ડ ઓફિસ : 1, ન્યુ કલોથ માર્કેટ, રાયપુર દરવાજાની બહાર, રાયપુર, અમદાવાદ- 380002 Tel. No. 079-29702983, Email: aarnavfashions@gmail.com Website: www.kayelsecurities.com CIN No: L17100GJ1983PLC028990

નોટિસ

આથી નોટિસ આપવામાં આવે છે કે કંપનીના સભ્યોની ૩૬મી વાર્ષિક સાધારણ સભા **સોમવાર, ૩૦મી સપ્ટેમ્બર, ૨૦૧૯ના રોજ બપોરે ૧.૦૦ વાગે** ૧, ન્યુ કલોથ માર્કેટ, રાયપુર દરવાજા બહાર, રાયપુર, અમદાવાદ- ૩૮૦૦૦૨ ખાતે યોજાશે. નાણાંકીય વર્ષ ૨૦૧૮-૨૦૧૯ના કંપનીના ૩૬માં વાર્ષિક રિપોર્ટ સાથે ૩૬મી AGM માં રજૂ થનારા બિઝનેસીસ સાથેની નોટિસ સભ્યોના રજિસ્ટર્ડ સરનામે મોકલી આપવામાં આવી છે અને આ જ નોટિસ કંપનીની વેબસાઈટ www.kayelsecurities.com ઉપર પણ ઉપલબ્ધ છે. આ ઉપરાંત ૩૬મી AGM ની નોટિસની નકલ સીડીએસએલની વેબસાઈટ www.evotingindia.com ઉપર પણ ઉપલબ્ધ છે.
૩૬મી AGM ની નોટિસ અને વાર્ષિક રિપોર્ટ, કંપની / ડિપોઝટરી સાથે જેમના Email Id નોંધાયેલા છે એ તમામ સભ્યોને ઈલેક્ટ્રોનીકલી પણ ઉપલબ્ધ કરાયેલ છે.
કંપનીઝ એક્ટ, ૨૦૧૩ની કલમ ૧૦૮ કંપનીઝ (મેનેજમેન્ટ એન્ડ એડમિનિસ્ટ્રેશન) એમેન્ડમેન્ટ રૂલ્સ, ૨૦૧૫ના નિયમ ૨૦ અને કંપનીના સ્ટોક એક્ષચેન્જ સાથેના (લિસ્ટીંગ ઑબ્લીગેશન અને ડિસ્કલોઝર રિકવાયર્મેન્ટ) એગ્રીમેન્ટની કલમ ૪૪ સાથે વાંચતા ૩૬મી AGM માં બિઝનેસ ટ્રાન્ઝેક્ટ કરવાના સંદર્ભમાં સીડીએસએલ દ્વારા તેના સભ્યોને ઈ-વોટિંગની સુવિધા આપવામાં આવશે.
કોઈ વ્યક્તિ કે જે કટ ઑફ ડેટ એટલે કે ૨૦મી સપ્ટેમ્બર, ૨૦૧૯ના રોજ કે એ પહેલાં કંપનીના શેર ધરાવે છે કે મેળવે છે અને આ નોટિસ ડીસ્પેચ થયા પછી તેઓ એ રીતે કંપનીના સભ્ય બન્યા હોય તેઓ www.evotingindia.com પર અરજી કરીને ઈ-વોટિંગ માટે Login Id અને પાસવર્ડ મેળવી શકે છે
કટ ઑફ ડેટ એટલે કે ૨૦મી સપ્ટેમ્બર, ૨૦૧૯ના રોજ કંપનીના પેઈડ અપ શેર કેપિટલમાં તેમના શેરના પ્રમાણમાં સભ્યોને મતદાનનો અધિકાર મળશે. ઈ-વોટિંગનો સમય શુક્રવાર, ૨૭મી સપ્ટેમ્બર, ૨૦૧૯ (સવારે ૯.૦૦) થી શરૂ થશે અને તે રવિવાર, ૨૯મી સપ્ટેમ્બર, ૨૦૧૯ (સાંજે ૫.૦૦ વાગ્યે) સમાપ્ત થશે.
જો કોઈ વાંધા-તકરાર, ઈ-વોટિંગ પ્રક્રિયા અંગે હોય તે અંગે એમસીએસ શેર ટ્રાન્સફર એજન્ટ લિમિટેડ, 12/1/5, મનોહરપુકાર રોડ, ગ્રાઉન્ડ ફ્લોર, કોલકતા -700026 ખાતે અથવા mcsahmd@gmail.com (033-40724051/52/53) પર જાણ કરવાની રહેશે. એક વાર પ્રસ્તાવ માટે વોટ આપવામાં આપે કે સુપરત કરવામાં આવે પછી સભ્યોને તેમાં કોઈ ફેરફાર કરવાની અનુમતિ નથી.
૩૬મી AGM ખાતે પોલ પેપર દ્વારા મત આપવાની સુવિધા પણ અપાશે અને એવા સભ્યો કે જેમણે ઈ-વોટિંગ થી મત આપ્યો નથી તેઓ પણ AGM માં પોલ પેપર દ્વારા પોતાનો મત આપવાના અધિકારી છે. એવા સભ્ય કે જેમણે પોતાના મતાધિકારનો ઉપયોગ ઈ-વોટિંગ દ્વારા કર્યો છે અને તેઓને AGM માં હાજર રહીને ફરીથી મત આપવા માટે અનુમતિ અપાશે નહિ.
સીડીએસએલ દ્વારા સંચાલિત રજિસ્ટર ઑફ મેમ્બર્સમાં ૨૦મી સપ્ટેમ્બર ૨૦૧૯ના રોજ જે વ્યક્તિનું નામ નોંધાયેલ હશે તે પણ મત આપી શકે છે.
બૂક કલોઝર
કંપનીઝ એક્ટ, ૨૦૧૩ની કલમ ૯૧ અંતર્ગત સ્ટોક એક્ષચેન્જ સાથેના લિસ્ટીંગ એગ્રીમેન્ટની કલમ ૪૨ (લિસ્ટીંગ ઓબ્લીગેશન અને ડિસ્કલોઝર રિકવાર્યમેન્ટ) અને નિયમો સાથે કંપનીના રજિસ્ટર ઑફ મેમ્બર્સ અને શેર ટ્રાન્સફર બૂક શનિવાર ૨૧મી સપ્ટેમ્બર ૨૦૧૯ થી રવિવાર ૨૯મી સપ્ટેમ્બર ૨૦૧૯ (બંને દિવસ સહિત) સુધી ૩૬મી AGM ના હેતુથી બંધ રાખવામાં આવશે.

બોર્ડ ઓફ ડિરેક્ટર્સના આદેશથી
સ્થળ : અમદાવાદ — **સુમીત ચંપાલાલ અગ્રવાલ**
તારીખ : ૦૬-૦૯-૨૦૧૯ — મેનેજિંગ ડિરેક્ટર - DIN : 00356863

કોરલ લેબોરેટરીઝ લિમિટેડ
નોંધણીકૃત કાર્યાલયઃ એસ એફ-૨૦૬, સિલ્વર ઓક કોમ્પ્લેક્સ, બી.પી.સી. રોડ, વડોદરા – ૩૯૦૦૨૦.
કોર્પોરેટ કાર્યાલયઃ ૩/બી, પાટણવાલા કમ્પાઉન્ડ, શ્રેયસ સિનેમાની સામે, એલ.બી.એસ. માર્ગ, ઘાટકોપર (પશ્ચિમ) મુંબઈ – ૪૦૦૦૮૬
ફોન : ૦૨૨–૨૫૦૦૫૨૪૫/૪૬ ફેક્સ : ૦૨૨–૨૫૦૦૪૮૯૩
વેબસાઈટ : www.corallab.com ઈમેલ : cs@corallab.com
CIN : L24231GJ1997PLC031669

37મી વાર્ષિક સામાન્ય સભા, સભ્યોના નોંધણીપત્રકના સમાપન અને રીમોટ ઈ-વોટિંગની માહિતી અંગેની નોટીસ

આથી નોટીસ પાઠવવામાં આવે છે કે, એજીએમ બોલાવવા સંબંધિત નોટીસમાં નિર્ધારિત કર્યા મુજબની સાધારણ અને વિશેષ કામગીરીને હાથ ધરવા માટે શુક્રવાર, 27 સપ્ટેમ્બર, 2019 ના રોજ સવારે 11.00 વાગ્યે એસએફ-206, સિલ્વર ઑક કોમ્પલેક્સ, બી.પી.સી. રોડ, વડોદરા, ગુજરાત - 390020 ખાતે કંપનીની 37મી વાર્ષિક સામાન્ય સભા (એજીએમ) યોજાશે.
જેમના ઈ-મેઈલ આઈડી કંપની/ ડીપોઝિટરી પાર્ટિસિપેન્ટ્સ પાસે નોંધણી કરાવવામાં આવેલ છે તેવા તમામ સભ્યોને હાજરીની સ્લિપ, પ્રોક્સી ફોર્મ અને 2018-2019 ના વાર્ષિક રીપોર્ટની સાથે એજીએમની નોટીસની ઈલેક્ટ્રોનિક નકલ અને રીમોટ ઈ-વોટિંગ અંગેના સૂચનો મોકલી આપવામાં આવેલ છે. જે સભ્યોના ઈ-મેઈલ આઈડી કંપનીમાં નોંધાયેલા નથી તેમને ઉપરોક્ત દસ્તાવેજોની ભૌતિક નકલોને મંજૂરીપ્રાપ્ત મોડમાં તેમના નોંધાયેલા સરનામે મોકલી આપવામાં આવેલ છે.
કંપનીઝ (વ્યવસ્થાપન અને વહીવટ) નિયમો, 2014ના નિયમ 10ની સાથે વંચાતા કંપનીઝ એક્ટ, 2013 ('ધી એક્ટ')ની કલમ 91 અનુસાર, કોરલ લેબોરેટરીઝ લિમિટેડ (''ધ કંપની'')ના સભ્યોનું નોંધણીપત્રક શનિવાર, 21 સપ્ટેમ્બર, 2019 થી શુક્રવાર, 27 સપ્ટેમ્બર, 2019 (બંને દિવસો સહિત) સુધી બંધ રહેશે.
આ સાથે એમ પણ સૂચવવામાં આવે છે કે, એજીએમ બોલાવવા સંબંધિત નોટીસમાં નિર્ધારિત કર્યા મુજબની કામગીરીઓને હાથ ધરવા માટે 37મી વાર્ષિક સામાન્ય સભા (એજીએમ) શુક્રવાર, 27 સપ્ટેમ્બર, 2019 ના રોજ સવારે 11.00 વાગ્યે એસએફ-206, સિલ્વર ઑક કોમ્પલેક્સ, બી.પી.સી. રોડ, વડોદરા, ગુજરાત - 390020 ખાતે યોજાશે.
સુધારવામાં આવ્યાં મુજબના કંપનીઝ (વ્યવસ્થાપન અને વહીવટ) નિયમો, 2014 ના નિયમ 20ની સાથે વંચાતી આ કાયદાની કલમ 108 અને સિક્યુરિટીઝ એક્સચેન્જ બોર્ડ ઑફ ઇન્ડિયા (લિસ્ટિંગ ઑબ્લિગેશન એન્ડ ડિસક્લોઝર રીક્વાયરમેન્ટ) વિનિયમ 2015 ના વિનિયમ 44 મુજબ, કંપની એજીએમને બોલાવવા માટેની નોટીસમાં જાહેર કર્યા પ્રમાણે તેના સભ્યોને તમામ ઠરાવો પર ઈલેક્ટ્રોનિક પદ્ધતિથી મત આપવાની સુવિધા પૂરી પાડીને ખૂબ જ આનંદની લાગણી અનુભવી રહી છે.
કાયદા અને કથિત્ નિયમોની જોગવાઈ સાથે સંબંધિત વિગતો નીચે મુજબ છે :
1. નોટીસની રવાનગી પૂર્ણ થવાની તારીખઃ 04 સપ્ટેમ્બર, 2019.
2. રીમોટ ઈ-વોટિંગ શરુ થવાની તારીખ અને સમયઃ મંગળવાર, 24 સપ્ટેમ્બર, 2019 (સવારના 9.00) કલાકે
3. રીમોટ ઈ-વોટિંગ પૂર્ણ થવાની તારીખ અને સમયઃ ગુરુવાર, 26 સપ્ટેમ્બર, 2019 (સાંજના 5.00) કલાકે
4. 26 સપ્ટેમ્બર, 2019 ના રોજ સાંજે 5.00 પછીથી ઈલેક્ટ્રોનિક રીતે કરવામાં આવતાં રીમોટ ઈ-વોટિંગની મંજૂરી આપવામાં આવશે નહીં.
5. કટ-ઑફ તારીખ : શુક્રવાર, 20 સપ્ટેમ્બર, 2019.
6. જે સભ્યોએ શેરધારકોને નોટીસ રવાના કરવા માટે ધ્યાન પર લેવામાં આવેલ તારીખ 16 ઑગસ્ટ, 2019 બાદ અને ઉપર ઉલ્લેખિત કટ-ઑફ તારીખ સુધીમાં કંપનીના શેર મેળવ્યાં હોય તેઓ cs@corallab.com પર કંપનીને અથવા તો શેર ટ્રાન્સફર એજન્ટને તેના સરનામે અને અહીં નીચે જણાવેલ સંપર્કની વિગતો પર લખીને રીમોટ ઈ-વોટિંગ માટેની લોગઈનની વિગતો મેળવી શકે છે.
7. 37મી વાર્ષિક સામાન્ય સભાની નોટીસ અને રીમોટ ઈ-વોટિંગની પ્રક્રિયાને નિર્ધારિત ફોર્મેટમાં તમામ સભ્યોને મોકલી આપવામાં આવ્યાં છે અને તે કંપનીની વેબસાઈટ www.corallab.com અને www.evoting.nsdl.com પર પણ ઉપલબ્ધ છે.
8. કંપની એજીએમમાં ઉપસ્થિત રહેનારા સભ્યોને ચૂંટણી દ્વારા મતદાન કરવાની સુવિધા પૂરી પાડશે.
9. સભ્યો રીમોટ ઈ-વોટિંગ મારફતે મતાધિકારને અજમાવ્યાં પછી પણ એજીએમમાં ભાગ લઈ શકશે પરંતુ એજીએમમાં મતદાન કરી શકશે નહીં.
10. જે સભ્યો 20 સપ્ટેમ્બર, 2019 ની કટ-ઑફ તારીખના રોજ કંપનીના શેર ધરાવતા હશે તેવા સભ્યો જ રીમોટ ઈ-વોટિંગ દ્વારા અથવા તો એજીએમ ખાતે મત આપવા માટે હકદાર ગણાશે.
11. ઈલેક્ટ્રોનિક વોટિંગ માટે કૃપા કરીને ઈ-વોટિંગ વેબસાઈટ www.evoting.nsdl.com પર લોગ ઑન કરો.

ઈલેક્ટ્રોનિક રીતે મતદાન કરતા પહેલાં એજીએમની નોટીસ માટેની નોંધોમાં આપવામાં આવેલ સૂચનોને કૃપા કરીને ધ્યાનથી વાંચો.
રીમોટ ઈ-વોટિંગ સંબંધે કોઈપણ પૂછપરછ / ફરિયાદ માટે સભ્યો કંપનીના રજિસ્ટ્રાર અને શેર ટ્રાન્સફર એજન્ટનો અહીં નીચે જણાવેલ સરનામે / ટેલિફોન નંબરો પર સંપર્ક કરી શકે છેઃ લિંક ઈનટાઈમ ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડ, સી-101, 247 પાર્ક, એલ.બી.એસ. માર્ગ વિક્રોલી (પશ્ચિમ), મુંબઈ-400083. ટેલિ. નં.: 022 4918 6000.

બોર્ડના આદેશ દ્વારા
કોરલ લેબોરેટરીઝ લિમિટેડ માટે
સહી/-
સુષ્મા કડકડે
ડિરેક્ટર
(DIN: 07791735)
સ્થળઃ મુંબઈ
તારીખઃ 05 સપ્ટેમ્બર, 2019

કલ્પતરૂ પેપર્સ લિ.
રજી.ઓ.: ૭૦૧, અવધેશ હાઉસ, ગુરૂદ્વારા સામે, થલતેજ ચોકડી, અમદાવાદ-૩૮૦૦૫૪
Email : contact@kalptaru.co.in, Website : www.kalptaru.co.in,
CIN : U21019GJ1988PLC040325

નોટિસ

નોટિસ આ મુજબ આપવામાં આવે છે કે, **કલ્પતરૂ પેપર્સ લિમિટેડ**ના સભ્યોની ૩૧ મી વાર્ષિક સામાન્ય સભા (એજીએમ) **સોમવાર, ૩૦મી સપ્ટેમ્બર, ૨૦૧૯** ના રોજ ૧૧.૦૦ કલાકે, કંપનીની રજિસ્ટર્ડ ઓફિસમાં, ૨૪મી ઓગસ્ટ, ૨૦૧૯ની નોટીસ મુજબ વ્યવસાયોનું સંચાલન કરવા માટે મળશે. નાણાકીય વર્ષ ૨૦૧૮-૧૯ માટે વાર્ષિક અહેવાલ અને એજીએમ બોલાવવાની નોટિસ **૨૩ ઓગસ્ટ, ૨૦૧૯** ના રોજ રજિસ્ટરમાં હાજર સભ્યોને મોકલવામાં આવી હતી. ઉપરોક્ત દસ્તાવેજો કંપનીની વેબસાઈટ પર www.kalptaru.co.in અને સીડીએસએલ www.evotingindia.com ની વેબસાઈટ પર ઉપલબ્ધ છે.
કંપનીના એક્ટ, ૨૦૧૩ (ધારો) ની કલમ ૯૧ મુજબ તેના હેઠળ રચાયેલા નિયમો વાંચીને સભ્યોનું રજિસ્ટર અને કંપનીના ટ્રાન્સફર બુક્સ **મંગળવાર ૨૪મી સપ્ટેમ્બર, ૨૦૧૯ થી સોમવાર, ૩૦મી સપ્ટેમ્બર, ૨૦૧૯** (બંને દિવસ સહિત)બંધ કરવામાં આવશે.
એક્ટની કલમ ૧૦૮, તથા કંપનીના રૂલ ૨૦ (મેનેજમેન્ટ અને એડમિનિસ્ટ્રેશન) એમેન્ડમેન્ટ રૂલ્સ ૨૦૧૫ સાથે વાંચી કંપનીએ સભ્યોને મતદાન માટે ઈલેક્ટ્રોનિક વોટિંગ સુવિધા સભાના સ્થળ સિવાય આપી છે. કંપનીએ સભ્યોને ઈ વોટિંગની સગવડ મળે તે માટે સીડીએસએલની સર્વિસ પણ લીધી છે. જે સભ્યો વાર્ષિક સભામાં હાજર હશે, અને જેઓએ વાર્ષિક સભાની તારીખ પહેલા રિમોટ ઈ વોટિંગથી મતદાન નહીં કર્યું હોય તેઓ મીટીંગમાં બેલોટ પેપર દ્વારા મતદાન કરી શકશે. ઈ-મતદાન દ્વારા સભ્યો દ્વારા મતદાન કરવામાં આવે તે પછી, તેને એજીએમમાં ફરીથી મતદાન કરવાની પરવાનગી આપવામાં આવશે નહિં.
એક્ટ મુજબ આવશ્યક વિગતો અને તેના હેઠળ કરવામાં આવેલ નિયમો, નીચે આપેલા છેઃ
૧. રિમોટ ઈ-મતદાન સુવિધા નીચેની મતદાન સમયગાળા દરમિયાન ઉપલબ્ધ રહેશે

રિમોટ ઇ-વોટિંગ શરૂ	શુક્રવાર, સપ્ટેમ્બર ૨૭, ૨૦૧૯ (સવારે ૯.૦૦)
રિમોટ ઇ-મતદાનનો અંત	રવિવાર, સપ્ટેમ્બર ૨૯, ૨૦૧૯ (સાંજે ૫.૦૦)

કોઈને તારીખ અને સમયની બહાર ઈ મતદાનની મંજૂરી આપવામાં આવશે નહીં.
૨. રીમોટ ઈ-વોટિંગ અને એજીએમમાં મતદાન કરવા માટે કટ-ઓફની તારીખ **સોમવાર, ૨૩મી સપ્ટેમ્બર, ૨૦૧૯** છે. જે વ્યકિતનું નામ કટ-ઓફ-ડેટ પર નોંધાયેલ છે તે ફક્ત તેની સુવિધા મેળવવા માટે હકદાર રહેશે.
૩. કોઈપણ વ્યક્તિ નોટિસ મોકલવાની તારીખ પછી કંપનીના સભ્ય બને છે અને કટ ઓફ ડેટ એટલે કે **૨૩મી સપ્ટેમ્બર, ૨૦૧૯** ના રોજ શેર ધરાવે છે, તે કંપનીની વેબસાઈટ ઉપર દર્શાવેલ પ્રક્રિયા મુજબ લોગિન આઈડી અને પાસવર્ડ મેળવી શકે છે. સીડીએસએલ માટેનો યુઝર આઈડી ૧૬ ડીજીટનો બેનેફીશીયલી આઈડી અને એનએસડીએલ માટેનો યુઝર આઈડી ૮ ડીજીટના કેરેક્ટર આઈડી પછી ૮ ડીજીટનો કલાયંટ આઈડી રહેશે. અને ફીઝીકલ ફોર્મમાં શેર્સ રોકેલા સભ્યોને કંપનીમાં નોંધાયેલા ફોલિયો નંબર દાખલ કરવાનો રહેશે. પાસવર્ડ આવકવેરા વિભાગ દ્વારા જારી કરાયેલ ૧૦ અંક પેનનંબર હશે. જે સભ્યોએ કંપની / ડિપોઝીટરી સહભાગીઓ સાથે તેમના પેનને અપડેટ કરેલ ન હોય તેમને તેમનાં નામનાં પ્રથમ બે અક્ષરો અને પાન ક્ષેત્રમાં અનુક્રમ સંખ્યાના ૮ અંકોનો ઉપયોગ કરવાની વિનંતી કરવામાં આવે છે. જો ક્રમાંક સંખ્યા ૮ અંશથી ઓછી હોય તો અક્ષરોના નામના પહેલા બે અક્ષરો પછીની સંખ્યા પહેલાં ૦ નંબર દાખલ કરો. દા.ત. જો તમારું નામ ક્રમ ૧ નંબર સાથે રમેશ કુમાર છે તો પેન નંબરની જગ્યાએ RA00000001 દાખલ કરો.
૪. અશોક પી. પાઠક, કે જે અશોક પી. પાઠક એન્ડ કંપની, કંપની સેક્રેટરી, અમદાવાદના પ્રેક્ટિસિંગ કંપની સેક્રેટરી (સભ્યપદ નંબર એસીએસ ૯૯૩૯ અને સી.ઓ.પી. નં. ૨૬૬૨) ઈ-વોટિંગ પ્રક્રિયાની ચકાસણી માટે શેરધારકો પાસેથી મળેલી મતદાન ફોર્મ સહિત) વાજબી અને પારદર્શક રીતે સ્કુટિનેઝર તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે.
૫. તપાસકર્તા કંપનીના કર્મચારી ન હોય તેઓ ઓછામાં ઓછા બે સાક્ષીઓની હાજરીમાં સભામાં અપાયેલા મતની મત ગણતરી કરશે. ત્યારબાદ રિમોટ ઈ-વોટિંગ દ્વારા અપાયેલા મત અનવરોધીત કરશે. અને સભાના સમાપનના ત્રણ દિવસમાં તરફેણમાં કે વિરોધમાં અપાયેલા મત અંગેનો તપાસકર્તાનો એકાકૃત અહેવાલ તૈયાર કરશે. તથા ચેરપર્સન અથવા તેમને જેને લેખિતમાં સત્તા આપી હોય તેવી સત્તા કે જે અહેવાલ પર હસ્તાક્ષર કરશે તેમને સુપરત કરશે.
૬. મતદાનની વિગતવાર પ્રક્રિયા અને રીત એજીએમના નોટિસમાં વાર્ષિક અહેવાલ સાથે સભ્યોને મોકલવામાં આવ્યા છે.
૭. જરૂરી સંખ્યામાં મત મળ્યાના વિષય, ઠરાવ એ એજીએમ તારીખ **૩૦મી સપ્ટેમ્બર, ૨૦૧૯**ના રોજ પસાર થયેલો માનવામાં આવશે.
૮. ઈ-વોટિંગ સંબંધિત પ્રશ્નો અથવા પ્રશ્નો ધરાવતા સભ્યો, www.evotingindia.com પર વારંવાર પૂછાતા પ્રશ્નો ("FAQ") અને ઈ-મતદાન માર્ગદર્શિકા નો સંદર્ભ લઈ શકે છે, સહાય વિભાગ હેઠળ અથવા helpdesk.evoting@cdslindia પર ઈમેઈલ કરી શકે છે.
૯. રીમોટ ઈ-મતદાન સંબંધિત ફરિયાદો અથવા ઈલેક્ટ્રોનિક વોટિંગ કરવા માટે : શેર ટ્રાન્સફર એજન્ટ્સના રજિસ્ટ્રારઃ લિંક ઈન્ટાઈમ ઈન્ડીયા પ્રાઈવેટ લિમિટેડ, ૫ મો માળ, ૫૦૬થી ૫૦૮, અમરનાથ બીઝનેસ સેન્ટર-૧, ગાલા બિઝનેસ સેન્ટરની બાજુમાં, સેન્ટ ઝેવિયર કોલેજ કોર્નર નજીક, ઓફ સી.જી. રોડ, એલિસબ્રીજ, અમદાવાદ-૩૮૦૦૦૬. ફોન નં. ૦૭૯-૨૬૪૬૫૧૭૯, ૮૬, ૮૭ અને ઈમેઈલ ahmedabad@linkintime.co.in

કલ્પતરૂ પેપર્સ લિ.વતી,
સહી/- **નવીન ગુપ્તા**
મેનેજીંગ ડાયરેકટર DIN-00148096
સ્થળ : અમદાવાદ
તારીખ : ૦૪-૦૯-૨૦૧૯